**ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ**

**રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧**

**પોલિસી નં.........................ના ભાગ રૂપ – પશુ વીમા અંગે ખંડ**

અનુસૂચિમાં વર્ણવેલું અને વીમાદારની માલિકીનું કોઈ પશુ પોલિસીની મુદત દરમિયાન કોઈ અકસ્માત (આગ, પૂર, વીજળી, ડૂબ, ચક્રવાત, વંટોળિયો, વાવાઝોડું, તોફાન, પ્રચંડ તોફાન (harricane), ધરતીકંપ, દુષ્કાળ, હુલ્લડ અને હડતાળ) આની નીચે કંપનીની જવાબદારી શરૂ થયા પછી થયેલા કે થતા રોગ અથવા સર્જિકલ શસ્ત્રક્રિયાથી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ભૌગોલિક વિસ્તારની અંદર મૃત્યુ પામે, તો કંપનીને સંતોષકારક લાગે તેવી સાબિતી મેળવ્યા પછી કંપની આવા પશુના મૃત્યુથી વીમાદારને જે નુકસાન થયું હોય તે, પરંતુ વીમો ઉતરાવેલી રકમથી વધે નહિ તેટલું અથવા તેના મૃત્યુ સમયે જે બજાર કિંમત હોય, તેમાંથી જે ઓછું હોય તેટલું નુકસાન ભરપાઈ કરી આપશે. વળી અનાવૃષ્ટિ, રોગચાળો અને બીજી કુદરતી આફતો જેવી પરિસ્થિતિમાં આ પોલિસી ભૌગોલિક વિસ્તારની બહાર થતા વીમો ઉતરાવેલા પશુ /પશુઓના મૃત્યુને પણ આવરી લે છે.

પરંતુ હંમેશાં એ શરત રહેશે કે નીચેનાં કારણોસર અથવા તેના પરિણામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલા મૃત્યુને, કંપનીએ લેખિતમાં સ્પષ્ટપણે કબૂલ કર્યું હોય તે સિવાય, આવરી લેશે નહિ :

૧. દ્વેષપૂર્ણ અથવા ઇચ્છાપૂર્વક ઈજા અથવા બેદરકારી, અધિકભાર, બિનકુશળ માવજત અથવા કંપનીની લેખિત સંમતિ સિવાય પોલિસીમાં જણાવ્યા સિવાયના હેતુ માટે પશુનો ઉપયોગ.

૨. લાયકાત ધરાવતા પશુચિકિત્સા ડોક્ટરે આપેલા પ્રમાણપત્રના આધારે માનવીય વિચારણા પરથી મટી ન શકે તેવી યાતના સમાપ્ત કરવા નાશ જરૂરી હોય તે સિવાય પશુની ઈરાદાપૂર્વક કતલ

૩. હવાઈ અને દરિયાઈ માર્ગે પરિવહન

૪. વીમો ઉતરાવેલા પશુની ચોરી અથવા છાનુંછપનું વેચાણ

૫. યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, રાજદ્રોહ, લશ્કરી બળવો, તોફાન (tumult), લશ્કરી સત્તા, છીનવી લીધેલી સત્તા અથવા તેનાં કોઈ પરિણામ અથવા ડરાવવાનો પ્રયત્ન.

૬. અણુશસ્ત્રોથી ઊભાં થતાં અથવા તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફાળો આપતાં કોઈ અકસ્માત, નુકસાન, નાશ, હાનિ અથવા કાયદેસર જવાબદારી

૭. પરંતુ આ પોલિસી ગમે તે રીતે ઊભાં થતાં પારિણામિક નુકસાન, કોઈ પ્રકારની સંપૂર્ણ કે અંશતઃ અશક્તિને આવરી લેતી નથી.

૮. જોખમની શરૂઆત અગાઉ થયેલા અકસ્માત અને / અથવા રોગ

૯. જોખમની શરૂઆત પછી ૧૫ દિવસની અંદર થયેલા રોગ.

## શરતો

૧. અહીં આમાં દર્શાવેલ પ્રસ્તાવમાં કોઈ ખોટું અથવા અસત્ય નિવેદન હશે અથવા પ્રસ્તાવ સમયે અથવા પછીથી અથવા આની નીચેના જોખમની શરૂઆત વખતે અથવા આ પોલિસીમાં ફેરફાર અથવા રિન્યુઅલના વિસ્તરણ વખતે અથવા આની નીચે વીમાદાર કોઈ દાવો કરે તે સમયે કોઈ મહત્ત્વની હકીકત અથવા સંજોગો જણાવે નહિ અથવા કે કોઈ ખોટો અને કપટી દાવો કરે અથવા કોઈ અમુક શરતોનું પાલન ન કરે, તો આ પોલિસી નિરર્થક બનશે અને આ અંગે ચૂકવેલાં બધાં પ્રીમિયમ કંપનીમાં જપ્ત થશે.

૨. વીમા વખતે દરેક પશુ નીરોગી હોવું જોઈએ અને તેને કોઈ ઈજા થયેલી ન હોવી જોઈએ. વીમા વખતે મહામારી અને પગ અને મોંના રોગ સામે પશુઓની સફળતાપૂર્વક રસી ટંકાઈ કરેલી હોવી જોઈએ. પશુ આરોગ્ય પ્રમાણપત્રોમાં આ દર્શાવવામાં આવશે.

૩. વીમો ઉતરાવેલ પશુઓ અને વીમાદારનું સ્થળ તપાસવા કંપનીના અધિકૃત પ્રતિનિધિઓને દરેક સમયે વીમાદાર પરવાનગી આપશે. તેમને કોઈ માહિતીની જરૂર હોય તો તે રજૂ કરશે અને તમામ યોગ્ય વિનિયમો અને કંપનીએ વખતોવખત આપેલી સૂચનાઓનું પાલન કરશે. તપાસની જરૂર હોય તેવા કોઈ દાવાની તપાસ કરવાનો હક કંપની અનામત રાખે છે. વીમાદાર આવી તપાસ માટે જરૂરી હોય તેવી બધી સહાય અને માહિતી પૂરી પાડશે.

૪. વીમો ઉતરાવેલા પશુની માંદગી અથવા અકસ્માત પ્રસંગે વીમાદાર તરત જ તેના પોતાના ખર્ચે પશુચિકિત્સા ડોક્ટરની સેવાઓ મેળવશે અને પશુઓને યોગ્ય સારવાર અપાવશે. વળી તે કંપનીને આવી માંદગી કે અકસ્માતની કંપનીને તરત જાણ કરશે.

૫. વીમાદાર વીમો ઉતરાવેલા પશુને પૂરતો અને યોગ્ય ખોરાક, પાણી અને આશ્રય આપશે. તેનો વીમો ન લીધો હોય, તો જે કાળજી અને ધ્યાન લેતો હતો તેટલું ધ્યાન રાખશે.

૬. વીમો ઉતરાવેલા પશુનું મૃત્યુ થતાં વીમાદાર બેન્ક/કંપનીની પોલિસી ઇસ્યુ કરનાર ઓફિસને તરત જ તેની જાણ કરશે અને તે બન્યાના ૩૦ દિવસની અંદર નીચેની જરૂરિયાત રજૂ કરશે :

(ક) યોગ્ય રીતે પૂરું કરેલું દાવા ફોર્મ

(ખ) લાયકાત ધરાવતા પશુચિકિત્સા ડોક્ટરનું મૃત્યુ પ્રમાણપત્ર

(ગ) શબ-પરીક્ષા, અહેવાલ, કર્યો હોય તો

(ઘ) ઇયર ટેગ, ઇયર ટેગની સોંપણી ન હોય, તો 'ટેગ નહિ, દાવો નહિ' ના આધારે દાવો સ્વીકારવામાં નહિ આવે.

૭. આ પોલિસી હેઠળ કોઈ દાવો કરવામાં આવે, તો અને ત્યારે તે જ પશુને આવરી લેતો ગમે તેનો બીજો કોઈ વીમો હોય, તો કંપની તેનો પ્રમાણસર ફાળો આપશે.

૮. વીમો ઉતરાવેલા પશુઓનું કોઈ વ્યક્તિની બેદરકારી, બેકાળજી અથવા ખોટા કાર્યને કારણે મૃત્યુ થયું હોય, તો વીમાદાર વળતર માટે દાવો કરશે નહિ અથવા આવી વ્યક્તિ / વ્યક્તિઓ તરફથી કોઈ વળતર સ્વીકારશે નહિ. પરંતુ કોઈ હક અને દાદનો અમલ કરવા માટે અથવા રાહત મેળવવા અને બીજા પક્ષકારો તરફથી તેની હાનિરક્ષા કરવા કંપનીને જરૂરી અથવા યોગ્ય રીતે અનિવાર્ય એવાં બધાં કાર્યો અને વસ્તુઓ કંપનીના ખર્ચે કરશે અને કરવામાં સંમતિ આપશે અથવા કરવાની પરવાનગી આપશે.

આ પોલિસી હેઠળ ચુકવણી કરતાં અથવા કોઈ હાનિ કે નુકસાન સરખું કરી આપતાં આવાં કાર્યો કે વસ્તુઓ તેની લેખિત સંમતિ સાથે કરેલ હાનિરક્ષા અગાઉ અથવા તે પછી જરૂરી કે અનિવાર્ય બને કે નહિ છતાં, કંપની હકદાર બનશે, તેનું પ્રતિસ્થાપન થશે.

૯. કોઈ પણ પક્ષકાર બીજા પક્ષકારને રજિસ્ટર્ડ ટપાલ એ.ડી.થી સાત દિવસની લેખિત નોટિસ આપીને આ પોલિસી રદ કરી શકશે. કંપની પોલિસી રદ કરે તો જોખમના ન વાપરેલા સમય માટે ભાગે પડતું પ્રીમિયમ પાછું આવી દેવામાં આવશે. પરંતુ વીમાદાર પોલિસી રદ કરે, તો કંપની પોલિસી અમલમાં હોય તેવા સમય માટે પરંપરાગત ટૂંકી મુદતના દર રાખશે.

૧૦. નુકસાન અથવા હાનિની રકમ અંગે કોઈ મતભેદ ઊભા થાય, તો બધા પ્રશ્નોના સ્વતંત્ર રીતે મતભેદમાં પક્ષકારોએ લેખિતમાં નીમવાના લવાદના નિર્ણય અંગે પુછાવવામાં આવશે. તે એક લવાદના નિર્ણયમાં કબૂલ ન થાય, તો લવાદ તરીકે બે તટસ્થ વ્યક્તિઓના નિર્ણય પર છોડાશે. તેમાં દરેક પક્ષકાર બે કેલેન્ડર મહિનાની અંદર લવાદને લેખિત નીમશે. નીમવાની જરૂરિયાત અંગે લેખિત નોટિસ મળ્યા બાદ બે કેલેન્ડર મહિનાની અંદર કોઈ એક પક્ષકાર લવાદ નીમવાની ના પાડે અથવા ન નીમે, તો બીજા પક્ષકાર સંપૂર્ણ લવાદ નીમવા સ્વતંત્ર રહેશે. લવાદો આ બાબતમાં સંમત ન થાય, તો તફાવત અંગે અંપાયરને પુછાવવામાં આવશે. પુછાવતાં અગાઉ લેખિત રીતે તેમણે તેને નીમ્યો હશે. તે લવાદ સાથે બેસી બેઠકનું પ્રમુખસ્થાન સંભાળશે. કોઈ પક્ષકારનું મૃત્યુ થતાં લવાદ, લવાદો અને અમ્પાયરના અધિકાર અને સત્તા રદ નહિ થાય કે તેને અસર નહિ થાય. લવાદ અથવા અમ્પાયરનું મૃત્યુ થતાં, લવાદ અથવા અમ્પાયરને જેમણે નીમ્યા હતા તે પક્ષકાર અથવા લવાદ અનુક્રમે બીજાને નીમશે. પુછાણ અને એવોર્ડનું ખર્ચ, એવોર્ડ આપતા લવાદ / લવાદો અથવા અમ્પાયરના વિવેકાધિકાર મુજબ રહેશે. આથી સ્પષ્ટ રીતે નિયત કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે આ પોલિસી અંગે કોઈ પગલાં લેવાનો અથવા મુકદ્દમો માંડવાનો હક પૂર્વ-શરત રહેશે. આવા લવાદ, લવાદો અથવા અમ્પાયરનો, વિવાદમાં હોય તો નુકસાન અથવા હાનિની રકમ અંગેનો એવોર્ડ પ્રથમ મેળવવામાં આવશે.

દાવો લવાદની કામગીરીને અધીન હોય તે સિવાય, કોઈ પણ કેસમાં નુકસાન અથવા હાનિ થયાના બાર મહિના પૂરા થયા પછી તે નુકસાન કે હાનિ માટે જવાબદાર રહેશે નહિ.

ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિ. વતી

યોગ્ય રીતે નિમાયેલ એટર્ની

**નોંધ:** કાનૂની અર્થઘટન બાબતમાં અંગ્રેજી પાઠ માન્ય ગણાશે.